# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ. દેવાતજ દ્વારા "રાષ્ટ્રિય પોષણ માસ ૨૦૨૩" અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

ભારત સરકાર દ્વારા દર વર્ષે ૧ થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન "રાષ્ટ્રિય પોષણ માસ" ઉજવવામાં આવે છે. જે અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા "રાષ્ટ્રિય પોષણ માસ" ની ઉજવણીના ભાગ રૂપે તારીખ ૧ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમ્યાન આ વર્ષની થીમ "સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશક્ત ભારત" પર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મહિલાઓ તથા બાળકો માટે પૌષ્ટિક આહાર, કિચન ગાર્ડનનું મહત્વ, હલકા ધાન્ય પાકોનું પૌષ્ટિક મુલ્ય તેમજ તેમાંથી બનતી વિવિધ વાનગીઓ, બાળકો માટે શિક્ષણનું મહત્વ, ખેડૂતના ઘરઆંગણે કિચન ગાર્ડન તૈયાર કરાવવા, શાકભાજી બિયારણ કીટનું વિના મૂલ્યે વિતરણ વગેરે જેવા કાર્યક્રમ કરવામાં આવેલ હતા. ઉપરોક્ત કાર્યક્રમોનું આયોજન વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. વાય. સી. લકુમ તેમજ સંચાલન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રીમતી એ.એન. જાદવ, પ્રોગ્રામ આસીસ્ટન્ટ (ગૃહ વિજ્ઞાન) દ્વારા કરવામાં આવેલ.

## તાલીમની ઝાંખીઓ







કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
રાષ્ટ્રીય પોષણ માસ
National Nutrition Month
1st to 30th September
05.09.2023

